# Shree Somnath Sanskrit University

(Estd. by Government of Gujarat)

Rajendra Bhuvan Road, **Veraval - 362 266.** District : Gir -Somnath. (Gujarat)

Ph. : 02876-244532 Fax : 02876-244417, E-mail : sssu.veraval@gmail.com

Website : www.shreesomnathsanskrituniversity.info


Ref No. સસયુ/પરિપત્ર/ 1556/૨૦૧૬ Date : તા.૩૧/૦૫/૨૦૧૬

પરિપત્ર :–

વિષય :–તા.૨૫/૦૫/૨૦૧૬નાં રોજ મહાત્મા મંદિર ગાંધીનગર ખાતે યોજાયેલ શિક્ષણ વિભાગની ' કાર્યશિબિર ' માં માન.મુખ્યમંત્રીશ્રીએ સંબોધનમાં કરેલ સુચનોનો અમલ કરવા બાબત.

સંદર્ભ :–ઉચ્ચશિક્ષણ કમિશનરશ્રીની કચેરીનાં પત્રક્રમાંક પીએસ/સીએચઈ/૨૦૧૬/૧૫૭૦૬–૧૮ તા.૨૬/૦૫/૨૦૧૬

આથી શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી સંલગ્ત તમામ મહાવિદ્યાલય/કોલેજ/અનુસ્નાતક ભવન/કેન્દ્રોનાં પ્રધાનાચાર્યશ્રીને જણાવવામાં આવે છે કે, ઉપરોકત સંદર્ભપત્રથી શિક્ષણ વિભાગની ' કાર્યશિબિર ' યોજાવેલ હતી આ કાર્યશિબિરમાં માન.મુખ્યમંત્રીશ્રીએ નીચે સુચવેલ સૂચનો મુજબ કોલેજ દ્વારા જરૂરી કાર્યવાહી કરવાની રહેશે તેમજ કોલેજ દ્વારા કરવામાં જે કાર્યવાહી આવે તેનો એકશન પ્લાન તૈયાર કરી કમિશ્નરશ્રી, ઉચ્ચ શિક્ષણ વિભાગ,ગાંધીનરગને મોકલી આપવાનો રહેશે. સંદર્ભ પત્રમાં નીચે મુજબનાં સુચનો કરવામાં આવેલ છે.

(૧) રાજયમાં મોટા પ્રમાણમાં સૈદ્ધાંતિક મૂડી રોકાણ આવશે, અમલીકરણથી રોજગારીની તકો ઉભી થાશે, આથી કોલેજનાં વિદ્યાર્થીઓ માટે દરેક કોલેજમાં કાઉન્સેલીંગ સેન્ટર ઉભુ કરી, માર્ગદર્શન, અભ્યાસની વ્યવસ્થા કરવી જોઈએ.

(૨) રાજયમાં કૌશલ્ય વર્ધન કેન્દ્રો સ્થાપવામાં આવે છે, સરકારની દરેક કોલેજોમાં કૌશલ્ય વર્ધન કેન્દ્ર, કેરિયર કાઉન્સેલીંગ સેન્ટર સ્થાપવા જોઈએ, જયાં સરકારનાં તમામ વિભાગ/પ્રવૃતિઓનાં પુસ્તકો/કોમ્પ્યુટર માહિતી એક રૂમમાં ઉપલબ્ધ રાખવા જેથી કોલેજનાં વિદ્યાર્થીઓ તેનો ઉપયોગ કરી શકે.

(૩) આર્ટસ/કોમર્સ/સાયન્સ કોલેજોમાં સવારે બે કલાક બાદ વિદ્યાર્થીઓને માર્ગદર્શન માટે વ્યવસ્થા કરી શકાય, શ્રમ અને રોજગાર વિભાગ સાથે સંકલન કરવું તથા વિસ્તારમાં આવતી કંપનીઓ સાથે સઘન સબંધો રાખવા, કયાં પ્રકારનાં મેન પાવરની જરૂરીયાત છે તેઓ અભ્યાસક કરી તે મુજબ અભ્યાસ તાલીમની વ્યવસ્થા કરવી.

(૪) જિલ્લા કક્ષાએ કોલેજોનાં ભવનોનો તાલીમ વગેરે માટે ઉપયોગ કરવો.

(૫) દરેક કોલેજે એક એક તાલુકાનાં નોર્મ્સનો આધાર લઈ સરકારશ્રીની વિવિધ યોજનાઓમાં અમલ વગેરે પોતાનાં વિદ્યાર્થીઓ મારફતે સર્વે કરાવી, તેનાથી સમાજિક/આર્થિક શું પરિવર્તન આવે છે તેનો અભ્યાસ કરાવી સર્વે રિપોર્ટ તૈયાર કરવો.

(ડો.દશરથ જાદવ)
કા.કુલસચિવ

બિડાણ :–સંદર્ભ પત્રની નકલ

નકલ રવાના :–

(૧) માન.કુલપતિશ્રી કાર્યાલય

(૨) માન.કુલસચિવશ્રી કાર્યાલય

(૩) યુનિવર્સિટીનાં તમામ વિભાગો

(૪) સંલગ્ન તમામ મહાવિદ્યાલય/કોલેજ/અનુસ્નાતક ભવન/કેન્દ્રો (૫) કમ્પ્યુટર વિભાગ વેબસાઈટ પર મુકવા માટે

૯૫૭૦૬-૫

ક્રમાંકઃપીએસ/સીએચઈ/૨૦૧૬/
ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી,
બ્લોક-૧૨, બીજો માળ,
ડો. જીવરાજ મહેતા ભવન,
ગાંધીનગર.
તા. ૨૬-૫-૨૦૧૬.

પ્રતિ
વાઈસ ચાન્સેલરશ્રી/રજીસ્ટ્રારશ્રી,
શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી,
વેરાવળ......

વિષયઃ- તા. ૨૫-૫-૨૦૧૬ના રોજ મહાત્મા મંદિર ગાંધીનગર ખાતે યોજાયેલ શિક્ષણ વિભાગની "કાર્યશિબિર" માં માનનીય મુખ્યમંત્રીશ્રીએ સંબોધનમાં કરેલ સૂચનો.

ઉપરોકત વિષય પરત્વે જણાવવાનું કે, તા. ૨૫-૫-૨૦૧૬ના રોજ મહાત્મા મંદિર ગાંધીનગર ખાતે શિક્ષણ વિભાગની "કાર્યશિબિર" યોજાયેલ હતી. માન. મુખ્યમંત્રીશ્રીએ નીચે મુજબના સૂચનો તેઓના પ્રાસંગિક ઉદ્‌બોધન દરમ્યાન કરેલ હતા.

૧. રાજયમાં મોટાં પ્રમાણમાં [ઔદ્યોગિક મૂડી] રોકાણ આવશે. અમલીકરણથી રોજગારીની તકો. આથી કોલેજનાં વિદ્યાર્થીઓ માટે દરેક કોલેજમાં કાઉન્સેલીંગ સેન્ટર ઉભું કરી, માર્ગદર્શન, અભ્યાસની વ્યવસ્થા કરવી જોઈએ. આ માટે ~~તમામ~~ [તમામ] કુલપતિશ્રીઓની મીટીંગ કરવી.

૨. રાજયમાં કૌશલ્ય વર્ધન કેન્દ્રો સ્થાપવામાં આવે છે. સરકારની દરેક કોલેજોમાં કૌશલ્ય વર્ધન કેન્દ્ર, કેરિયર કાઉન્સેલીંગ સેન્ટર સ્થાપવા જોઈએ. જયાં સરકારના તમામ વિભાગ / પ્રવૃત્તિઓનાં પુસ્તકો / કોમ્પ્યુટર માહિતી એક રૂમમાં ઉપલબ્ધ રાખવાં જોઈએ, જેથી કોલેજનાં વિદ્યાર્થીઓ તેનો ઉપયોગ કરી શકે.

૩. આર્ટસ / કોમર્સ / સાયન્સ કોલેજોમાં સવારે બે કલાક બાદ વિદ્યાર્થીઓને માર્ગદર્શન માટે વ્યવસ્થા કરી શકાય. શ્રમ અને રોજગાર વિભાગ સાથે સંકલન કરવું તથા વિસ્તારમાં આવતી કંપનીઓ સાથે સઘન સબંધો રાખવા જોઈએ. તેમને કયા

પ્રકારના મેન પાવરની જરૂરિયાત છે તેનો અભ્યાસ કરી, તે મુજબ અભ્યાસ તાલીમની વ્યવસ્થા કરવી જોઈએ.

૪. જિલ્લા કક્ષાએ કોલેજોનાં ભવનોનો તાલીમ વગેરે માટે ઉપયોગ કરવો જોઈએ.

૫. દરેક કોલેજે એક–એક તાલુકાના નોર્મ્સનો આધાર લઈ સરકારશ્રીની વિવિધ યોજનાઓમાં અમલ વગેરે પોતાનાં વિદ્યાર્થીઓ મારફતે સરવે કરાવી, તેનાથી સામાજીક / આર્થિક શું પરિવર્તન આવે છે તેનો અભ્યાસ કરાવી, સરવે રિપોર્ટ તૈયાર કરવો જોઈએ. દા.ત. ગરીબ કલ્યાણ મેળામાં રૂા.૧૨૦૦૦/– કરોડના લાભ કોઈને સીવવાનો સંચો, પશુધન વગેરે લાભો તેની યાદી મેળવી, લાભાર્થીઓનો સંપર્ક કરી, તેમનાં આર્થિક ઉપાર્જનમાં શું વધારો થયો વગેરે અંગે રિપોર્ટ. તેના આધારે તેમની જરૂરીયાત શું છે તે અંગે નિર્ણય કરી શકાય. રાજયની યોજનઓનો લાભ મેળવી, પરિસ્થિતિ બદલાવ, બાળકોનાં અભ્યાસ વગેરે પરની અસર.

આ સૂચનો સંદર્ભમાં જરૂરી કાર્યવાહી કરવા આપને જણાવવામાં આવે છે. આ બાબતે કરેલ કાર્યવાહીની વિગતો આપના એકશન પ્લાન સાથે અત્રેની કચેરીને દિન–૫ માં મોકલી આપવા વિનંતી છે, જેથી માન.મુખ્ય મંત્રીશ્રીના કાર્યાલયને તે વિગતોથી વાકેફ કરી શકાય.

(એ. જે. શાહ)
કમિશ્નર ઉચ્ચ શિક્ષણ

<u>નકલ સવિનય રવાના :</u>

૧. અગ્ર સચિવશ્રી, ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ, બ્લોક નં.૫/૮, સચિવાલય, ગાંધીનગર તરફ જાણ માટે.
૨. માનનીય મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી તરફ જાણ માટે.